૨૦૨૦ના ઓલમ્પિકમાં ગુજરાતી પણ દોડી શકશે

ઉતર ગુજરાતના દોડવીરોની પ્રથમ ટ્રાયલ ૨૭ ડિસેમ્બરે ડીસાના ન્યુ ટીસીડી ગ્રાઉન્ડમાં યોજાશે

પાલનપુર, તા.૨૭

દરેક સ્પોર્ટ્સમેન યુવાનનું સપનું ઓલમ્પિકમાં જવાનું હોય છે પરંતુ યોગ્ય જાણકારી અને માર્ગદર્શન ના અભાવે ટેલેન્ટેડ યુવાનોનું હુન્નર ક્યાંક ખોવાઈ જતું હોય છે તેવામાં ભારત દેશની પ્રતિષ્ઠિત નેશનલ યુવા કોઓપરેટીવ સોસાયટી અને ગેલ દ્વારા ઈન્ડિયન સ્પીડ સ્ટાર પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે નેશનલ યુવા કોઓપરેટીવ ટીમના સભ્યોએ ગ્રાઉન્ડનું નિરીક્ષણ કર્યું હતું. ડીસા ખાતે આયોજિત આ ઈવેન્ટમાં બનાસકાંઠા જીલ્લા ઉપરાંત પાટણ મહેસાણા અને પૂર્વ કચ્છ જીલ્લાના અંદાજીત ૧૫૦૦ સ્પર્ધકો ભાગ લેશે.

ગેલ ઈન્ડિયા અને નેશનલ યુવા કોઓપરેટીવ સોસાયટી ગ્રાસરૂટ લેવલે હુન્નરમંદ બાળકોને શોધી આવા બાળકોને ડીસા ખાતે આગામી ૨૭ ડિસેમ્બરે ૧૦૦ મીટર, ૨૦૦મીટર અને ૪૦૦ મીટરદોડમાં ભાગ લેવા આમંત્રિત કરાશે.. મહત્વની બાબત એ છે કે આ દોડમાં પ્રથમ, દ્વિતીય કે તૃતીય ક્રમાંક નહિ પરંતુ નિર્ધારિત સમયમાં દોડ પૂરી કરનાર તમામ દોડવીરને સિલેક્ટ કરી સ્ટેટ લેવલે મોકલવામાં આવશે ત્યાંથી ઝોન કક્ષાએ અને ત્યાર બાદ નેશનલ ઈવેન્ટમાં ભાગ લેવા મોકલવામાં આવશે. આમ નેશનલમા સિલેક્ટ થનાર દોડવીરને આગામી ઓલમ્પિક માટે ચાર વરસ સુધી તાલીમ આપી સજ્જ કરવામાં આવશે.. જેનો તમામ ખર્ચ ગેલ ઈન્ડિયા દ્વારા ઉઠાવવામાં આવશે.

ડીસા ખાતે મેદાનની મુલાકાત માટે આવેલા એન વાય સી એસ સંસ્થાના સભ્ય હિરેન શાહે વિગતો આપતા જણાવ્યું હતું કે આ દોડમાં ૧૧ થી ૧૭ વર્ષના દોડવીરો ભાગ લઈ શકશે અગામી ૨૩ ડીસેમ્બર સુધી રજીસ્ટેશન ફોર્મ ભરવાની કામગીરી બનાસકાંઠા, પાટણ, મહેસાણા, અને પૂર્વ કચ્છ જીલ્લાના તાલુકાઓમાં થશે.. ઉતર ગુજરાતની દોડના પ્રોજેક્ટ કન્વીનર નરેશ ચૌહાણે જણાવ્યું હતું કે બનાસકાંઠા જીલ્લો રમત ગમત ક્ષેત્રે હમેશા આગળ રહ્યો છે તેવામાં આ દોડથી જીલ્લાનું હુન્નર બહાર આવશે.. દોડમાં સામેલ થવા માટે ફોર્મ ભરવું આવશ્યક છે જે તાલુકા કક્ષાની મુખ્ય શાળાઓના વ્યાયામ શિક્ષકોના સંપર્ક કરવાથી મળી શકશે. વધુ વિગતો માટે ૯૯૦૯૨ ૯૦૨૨૧ અથવા nareshpalanpur@gmail.com પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

મહેસાણા જિલ્લામાં બેન્કોના સહયોગથી વહીવટીતંત્ર દ્વારા બચત ખાતા ઓપનીંગ ડ્રાઈવ

મહેસાણા, ૨૭

મહેસાણા જિલ્લા કલેકટર આલોક કુમાર દ્વારા જિલ્લામાં દૂધ મંડળીઓના સભાસદો, જી.આઈ.ડી.સીના કામદારો, નાના કામદારો, મજુરો સહિતના લોકોના ખાતાઓ બાકી હોય તેમના ખાતાઓ ખોલવા તાકીદ કરાઈ હતી.જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય સ્તરે તમામના ખાતાઓ ખુલી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવા ખાસ સુચના અપાઈ હતી. જે અંતર્ગત શનિવારથી જિલ્લાના તમામ તાલુકાઓના વિવિધ સ્થળોએ બચત ખાતાઓ ખોલવાની ડ્રાઈવની શરૂઆત કરાઈ હતી.

મહેસાણા જિલ્લામાં ઔધોગિક યુનીટોમાં કામ કરતા કામદારો, શ્રમિકો, છુટક મજૂરો, સભાસદો, દુધ ઉત્પાદકો સહિત વિવિધ બાકી લોકોના ખાતા ખોલવાની શરૂઆત કરાઈ હતી. આ ઉપરાંત બેન્કો દ્વારા કેશલેસ વ્યવહાર કરવા બાબતે સમજ આપતા કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

મહેસાણા જિલ્લામાં કડીયા નાકા વિસનગર, જી.આઈ.ડી.સી મહેસાણા, કડી તાલુકાની દૂધ મંડળીઓ, બેન્ક ઓફ બરોડા, વડનગર, સતલાસણા, વિજાપુર સહિત વિવિધ જગ્યાએ ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું જિલ્લામાં બેન્ક મિત્રો દ્વારા પણ વિવિધ ગામોમાં ખાતાઓ ખોલવા માટે મુલાકાત કરાઈ હતી.

સોનાની લૂંટના આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયા

અમદાવાદના ઇન્દ્રપ્રસ્થ ટાવરમાં બાતમીના આધારે ઝડપાયા : દિલધડક લૂંટને અંજામ આપનાર બંને આરોપી ભાઈ-બહેન છે : પુછપરછ વેળા ગુનાની કબૂલાત કરી : ગુના વેળા ઉપયોગમાં લેવાયેલા સાધનો કબજે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરના નવરંગપુરા મીઠાખળી સર્કલ પાસે આવેલી એસઆઈએસ કેસ સર્વિસ લિમિટેડના વોચમેનને માર મારી જીવલેણ ઈજા પહોંચાડીને ચાર કરોડના સોનાની લૂંટના બનાવમાં આરોપીઓને મુદ્દામાલ સાથે કલાકોના ગાળામાં જ પકડી પાડવામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે સફળતા મેળવી છે. આ સંદર્ભમાં જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી હતી. હવે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી પાડવામાં આવ્યા છે. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને જુદી જુદી ટીમો બનાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી જેના ભાગરુપે ગુનાની જગ્યાની તપાસ કરવામાં આવી હતી. ચોક્કસ અને સચોટ બાતમીના આધારે અધિકારીઓની ટુકડીએ જાળ બિછાવી હતી અને આ જાળમાં આરોપીઓ ઝડપાઈ ગયા હતા. ડ્રાઇવ ઈન સિનેમા નજીક ઈન્દ્રપ્રસ્થ ટાવર ફ્લેટ નંબર બી-૮૦૨માં દરોડા પાડવામાં આવ્યા બાદ આરોપીઓને પકડી પાડવામાં સફળતા મેળવી હતી. ઝડપાયેલાઓની ઓળખ કરી લેવામાં આવી છે જેમાં ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં રહેનાર ૨૦ વર્ષીય સાગર સતરામભાઈ ભાગચંદાણી અને ૨૫ વર્ષીય પિન્કી સતરામભાઈ ભાગચંદાણીને પકડી પાડવામાં આવ્યા છે. બંને આરોપીઓ ભાઈ-બહેન છે અને આ દિલધડક લૂંટને અંજામ આપવામાં સફળ રહ્યા હતા. ઉપરોક્ત સ્થળથી તેમને પકડી પાડીને તેમની પુછપરછ કરતા બંનેએ ગુનાની કબૂલાત કરી લીધી હતી. બંને ભાઈબહેન જેમાં સાગર પોતે ક્રિકેટનો સટ્ટો રમવાની ટેવ ધરાવે છે જેમાં સાણંદ ખાતે રહેતા ક્રિકેટના બુકી વિકાસ ત્રિપાઠી નામના માણસ પાસે ક્રિકેટમાં સટ્ટામાં ૧૧ લાખ જેટલી રકમ હારી ગયો હતો તેમજ તે મોજશોખ કરવાની ટેવવાળો વ્યક્તિ છે. તે એસજી હાઈવે મારુતિ ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષમાં આવેલી કેફે કવાલી નામના હુક્કાબારમાં પણ જતો હતો. હુક્કાબારમાં તેને બિલના રૂપિયા સાડા ચાર લાખ ચુકવવાના બાકી હતા. આ ઉપરાંત અન્ય મોજશોખ પણ તે ધરાવે છે જેથી ઘણુ દેવું થઇ ગયું હતું. દેવું ચુકવવા માટે તેને નરેન્દ્ર ઉર્ફે નંદુ દેસાઈ તથા કરણ દેસાઈ ઉર્ફે કરણ પાસેથી ઘણા રૂપિયા માસિક સાતથી ૧૦ ટકાના લેખે વ્યાજથી લીધા હતા. આ નાણા સમયસર ચુકવી ન શકતા માસિક ૫૦ ટકા જટેલા દંડ સાથે ભરવાના હતા. પોતાનું દેવું ચુકવવા તે નાણા મેળવવા ફાફા મારી રહ્યો હતો. પોતાની બહેન પણ તેને સાથ આપતી હતી. બંને ગુનો કરી નાણા મેળવવાની ફિરાકમાં હતા. આવી યોજનાને અંજામ આપવાના હેતુસર આ લોકોએ રેકી કરી હતી. એસઆઈએસ કંપનીની ઓફિસની રેકી કરી હતી ત્યારબાદ બીજા દિવસે એટલે ૨૫ અને ૨૬ની રાત્રિએ બંને ભાઈબહેને પોતાના પિતાના ગેરેજમાંથી એક હોન્ડા મોટરસાયકલ નંબર જીજે-૦૧-પીએફ-૦૪૨૦ નંબરના ઉપર બંને પોતાની પાસે એક બેગમાં ઘરેથી એક હથોડી સાથે રાખી નવરંગપુરા મીઠાખળી સર્કલ પાસે આવેલી વંસત વિહાર સોસાયટી, બંગલા નંબર ૭, એસઆઈએસ કેશ સર્વિસ પ્રાઇવેટ લિમિટેડ ખાતે ગયા હતા જ્યાં આ ઓફિસના પાછળના ભાગે અવાવરુ જગ્યામાંથી એક સળિયો લઈ આ કંપનીમાં હાજર ફરજ ઉપરના વોચમેનને બંને જણાએ ભેગા મળી લોખંડની હથોડી તથા સળિયાથી માર મારી શરીરે જીવલેણ પ્રકારની ગંભીર ઈજાઓ પહોંચાડી ઉપરોક્ત કંપનીમાંથી ૧૪ કિલોગ્રામ સોનાની લૂંટ કરી બાઈક પર બેસી નાસી છુટ્યા હતા. તપાસ કરતા બંને આરોપીઓના ઘરમાંથી આ લૂંટ કરી મળેલુ સોનું જે તેઓએ ઘરમાં સંતાડીને રાખ્યું હતું. ૧૩૫૦૦ કિલોગ્રામ સોનું જેની અંદાજે કિંમત રૂપિયા ૩૮૦૦૦૦૦ (ત્રણ કરોડ એંસી લાખ) તથા આરોપી સાગરે લૂંટ કરતી વખતે પહેરેલા બુટ તથા સ્વેટર તથા ગુનામાં ઉપયોગમાં લેવાયેલી મોટરસાયકલ તથા સાગરનો મોબાઈલ ફોન તથા પિન્કીનો મોબાઈલ ફોન વગેરે મળી કુલ ૩૮૦૫૨૦૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

લૂંટમાં કઈ ચીજો કબજે : ૫ નંગ બિસ્કીટનો મુદ્દામાલ જપ્ત કરાશે

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરના નવરંગપુરા મીઠાખળી સર્કલ પાસે આવેલી એસઆઈએસ કેસ સર્વિસ લિમિટેડના વોચમેનને માર મારી જીવલેણ ઈજા પહોંચાડીને ચાર કરોડના સોનાની લૂંટના બનાવમાં આરોપીઓને મુદ્દામાલ સાથે કલાકોના ગાળામાં જ પકડી પાડવામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે સફળતા મેળવી છે. આ ગુનાના કામે બાકી રહેતો ૧૦૦ ગ્રામ બિસ્કીટના નંગ પનો મુદ્દામાલ તેઓએ નરેન્દ્ર ઉર્ફે નંદુ દેસાઈ જે ઘાટલોડિયામાં રહે છે અને કરણ દેસાઈ ઉર્ફે કરણ શેરથાને વ્યાજે લીધેલા નાણાની ચુકવણી પેટે નંદુ દેસાઈની સફેદ કલરની આઈટેન ગાડીમાં જઈને સોંપી દીધા હતા. આ મુદ્દામાલ રિકવર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ટૂંકમાં જ આમા પણ સફળતા મળશે.

- જપ્ત કરવામાં આવેલો સોનાનો જથ્થો ૧૩.૫૦૦ કિલોગ્રામ
- આરોપીઓએ લૂંટ સમયે પહેરેલા બુટ અને સ્વેટર
- ગુના વેળા ઉપયોગમાં લીધેલી મોટરસાયકલ
- ગુના વેળા રહેલા મોબાઈલ ફોન
- કુલ મુદ્દામાલ ૩૮૦૫૨૦૦૦નો જપ્ત કરાયો

આરોપી સાગર હાલ બીબીએ અભ્યાસ કરે છે

મોટી લૂંટને અંજામ આપવા રેકી પણ કરાઈ હતી

અમદાવાદ,તા. ૨૭

નવરંગપુરા મીઠાખળી સર્કલ પાસે એસઆઈએસમાં સોનાની લૂંટના મામલામાં પકડાયેલા આરોપીઓ અંગે વધુ વિગત પણ જાણવા મળી છે. મળેલી માહિતી મુજબ આરોપી સાગર જે હાલમાં જીએલએસ કોલેજમાં બીજા વર્ષમાં બીબીએમાં અભ્યાસ કરે છે જ્યારે તેની બહેન પિન્કી જે બીકોમ સુધી ભણેલી છે. અગાઉ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ બેંક નવરંગપુરા ખાતે આઠ મહિના સુધી નોકરી કરી ચુકી છે. આ ઉપરાંત તે આઈડીબીઆઈ બેંક વસ્ત્રાપુર ખાતે પણ નોકરી કરી ચુકી છે. એચડીએફસી બેંક વસ્ત્રાપુરમાં સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે પણ તે નોકરી કરતી હતી. હાલમાં તે નોકરી છોડી ચુકી હતી. તેના મુંબઈ ખાતે ૨૦૧૪માં લગ્ન થયા હતા. છુટાછેડા થયા બાદ તે માતા-પિતા સાથે હાલ રહે છે.

બંને આરોપીઓના પિતા દરિયાપુર દરવાજા પાસે વાહન લે વેચ માટે સાંઇ મોટર્સ નામનું ગેરેજ ધરાવે છે. આરોપી પાસેથી કબજે કરાયેલું મોટરસાયકલ જે આરોપીના પિતા સંતરામભાઈ ભાગચંદાણીના એક મિત્ર અનિકેત શાહનું છે. આ બાઇક વેચવા માટેના હેતુસર અનિકેતે સંતરામભાઈને ત્રણ ચાર મહિના પહેલા આપ્યું હતું. આ મોટરસાયકલ આરોપી સાગર હાલમાં ઉપયોગ કરી રહ્યો હતો. આરોપી પોતપોતાના મોબાઈલ ફોન સાથે લઈ ગયા હતા. તપાસ દરમિયાન એવું પણ જાણવા મળ્યું છે કે, બંનેએ રેકી કરીને તમામ માહિતી મેળવી લીધી હતી. સીસીટીવી ફુટેજના આધારે તપાસ કરવામાં આવ્યા બાદ વિગત સપાટી ઉપર આવી છે.

સરકારી તાલુકા પુસ્તકાલય વિજાપુર ખાતે ગ્રંથ સપ્તાહની ઉજવણી કરાઈ

વિજાપુર, તા. ૨૭

ગુજરાત સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તીઓ વિભાગ હેઠળના ગ્રંથાલય ખાતા દસ્તકના સરકારી તેમજ સંસ્થાઓ તરફથી ચાલતા ગ્રંથાલયોમાં ૧૪ થી ૨૦ નવેમ્બર દરમ્યાન રાષ્ટ્રીય ગ્રંથ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ગ્રંથાલયની વિસ્તરણ પ્રવૃત્તિઓ ભાગરૂપે તેમજ દરેક વાચક ગ્રંથાલયનો લાભ લે અને વાંચનની ટેવ કેળવે, વાંચવાનું મહત્વ સમજે તે હેતુથી ગ્રંથાલયોમાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓ રાખવામાં આવે છે.

સરકારી તાલુકા પુસ્તકાલય વિજાપુર ખાતે આ સમય દરમ્યાન સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકોનું પ્રદર્શન, સ્વચ્છ ભારત પર નિબંધ સ્પર્ધા, વાંચનનું મહત્વ ઉપર વાર્તા લાભ, વક્તૃત્વ સ્પર્ધા જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતુ.

આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ બાળકોને શિક્ષક યોગેશભાઈ ચૌધરી, સિનિયર સિટીજન નારાયણભાઈ કે. ચૌધરી તથા પપ્પુભાઈ પાલ તથા ગ્રંથાલય તરફથી ઈનામો આપવામાં આવેલ હતા.

આ કાર્યક્રમનું આયોજન મદદનીશ ગ્રંથપાલ ગોવિંદભાઈ બી. રાવળે કરેલ હતુ. આ કાર્યક્રમનો સફળ બનાવવા સંસ્થાના કર્મચારી શૈલેષભાઈ પ્રજાપતિ તથા વાચક નરેન્દ્ર રાવલે સહયોગ આપેલ હતો.

જેલ પર હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

મચી ગઈ હતી. હરમિન્દરને આઈજીઆઈ એરપોર્ટથી વર્ષ ૨૦૧૪માં પંજાબ પોલીસ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. મિન્ટુ ૨૦૦૮માં ડેરાસચ્ચા સોદાના પ્રમુખ ગુરમિત રામરહીમ અને હલવાડા એરફોર્સ સ્ટેશન સહિત અનેક હુમલાઓમાં સામેલ રહ્યો છે. હરમિન્દર ૨૦૧૦માં યુરોપ ગયો હતો. ૨૦૧૩માં તે પાકિસ્તાનથી પરત ફર્યો હતો. ઈટાલી, બેલ્જિયમ, જર્મની અને ફ્રાંસ જેવા યુરોપિયન દેશોમાં તે જઈ ચુક્યો છે. ખાલિસ્તાન લિબ્રેશન ફોર્સ ફંડ એકત્રિત કરવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આગળ છે. ત્રાસવાદી હરમિન્દરની સાથે કુખ્યાત ગેંગસ્ટર વિકી ગોંડર પણ ફરાર થઈ ગયો છે. ગોંડર પર ૨૦૧૫માં એક ગેંગસ્ટર સુખા ખાલોનની હત્યા કરવાનો આરોપ છે. ગોંડર પોતાના ગેંગના ૧૫ સભ્યોની સાથે જેલમાં હતો. આ સમગ્ર ઘટના બન્યા બાદ ઉંડી શોધખોળ હાથ ધરવામાં આવી હતી. બીજી બાજુ જેલ ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ ડીજીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. અપરાધીઓને પકડી પાડવા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. રાજ્યના ડીજી (જેલ), નાભા જેલ અધીક્ષક, અન્ય અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ભારે હાલાકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

શહેરના ૩૯૭ એટીએમ કેશ વગર બંધ હાલમાં જોવા મળ્યા હતા.જયારે બાકીના એટીએમ પર લોકોએ રૂપિયા મેળવવા લાઈનો તો લગાવી હતી પરંતુ કેશ ત્યાં પણ ખુટી પડતા લોકોને લાઈનમાં ઉભા રહ્યા પછી પણ રૂપિયા મળ્યા ન હતા.

આજે લોકોની મુશ્કેલી વધવા પાછળનું એક અન્ય કારણ એ પણ રહ્યું કે,મોટાભાગના વિસ્તારોમાં બેંકોની બ્રાંચની સાથે એટીએમ એટેચ કરેલા હોઈ બેંકોની સાથે આ એટીએમ પણ બંધ રહેલા જોવા મળ્યા હતા.એક તરફ લગ્નની સિઝન બીજી તરફ બેંકોની સાથે એટીએમ પરથી પણ નાણાં ન મળવાને કારણે લોકોની શનિ અને રવિની મજા માણવાનો મુડ જતો રહ્યો હતો.

કેશલેસ રાજ્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝડપથી કામ ચાલી રહ્યું છે પરંતુ હજુ કેશ ટ્રાન્ઝીક્શનને બંધ કરવામાં આવશે નહીં. મુખ્ય સચિવ આરકે શ્રીવાસ્તવે કહ્યું છે કે, ખરીદદારી કરવાની સ્થિતિમાં પૈસા સીધીરીતે ગ્રાહકના બેંક એકાઉન્ટથી કપાઈ જશે. તેમણે ઉમેર્યું હતું કે, કારોબારીઓ, નાના દુકાનદારો, ગ્રાહકોને આના માટે જાગૃત કરવા અને શિક્ષિત કરવાની ઝુંબેશ આવતીકાલથી શરૂ થશે. શ્રીવાસ્તવનું કહેવું છે કે, બેંકમાં નોંધણી કરાવનાર દરેક કારોબારીને એક એમઆઈ કોડ આપવામાં આવશે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી અને ગોવાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર પારીકર આ સંબંધમાં રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક પણ કરી ચુક્યા છે.

ગાંધીનગરના કલાકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. આ અવસર નિમિત્તે 'યુનિટિ ઈન ડાયવર્સિટી'ના નામે પશ્ચિમિ રાજ્યોના લોકનૃત્યોનો સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ લોકનૃત્ય શ્રેણીમાં ગાંધીનગરના પનઘટ કલા કેન્દ્ર દ્વારા ગુજરાતની સંસ્કૃતિના પ્રતિક સમા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય ન્યાયમૂર્તિ ટી.એસ. ઠાકુર, સર્વોચ્ચ અદાલતના અન્ય સહયોગી ન્યાયમૂર્તિઓ, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ તથા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ પી.પી. ભટ્ટ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો.

અગાઉ પણ રાષ્ટ્રપતિ ભવન, રણોત્સવ જેવા સ્થળોએ રજુ કરાયેલ આ કૃતિની પરિકલ્પના, કોરીયોગ્રાફી અને નિર્માણ ભાવિન પટેલે કર્યું છે. જ્યારે અંકિત પટેલે ટેકનિકલ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. અનુપા પંડ્યા, હીર શુકલ, ખુશ્બુ ભાવસાર, પ્રાચી સાલ્વી, મોનિકા ભાટિયા, હેમાંશી ઓડેદરા, માનસી રાવલ, ભૂમા દવે, ઉષા પ્રજાપતિ, સ્નેહા પ્રજાપતિ, ફોરમ તન્ના, ઈશા ભટ્ટ, ધરતી કંદોઈ, દિવ્યા પંડ્યા, વૈદેહિ પંડ્યા અને હની ચિતરીયાએ ખુબ સુંદર રીતે ગરબાની પ્રસ્તુતિ કરી હતી. રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ વી.પી. પટેલની પ્રેરણાથી આ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના કમિશનર મનોજ દક્ષિણિ (આઈએએસ)ના માર્ગદર્શનમાં નયન થોરાત, ઘનશ્યામની ટીમના વડપણા હેઠળ ગુજરાતના વિવિધ લોકનૃત્યોની રજુઆત કરવામાં આવી હતી.

ખોરંભે પડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેલોની પુનઃ રચના પ્રક્રિયા પણ ટલ્લે ચડવા પામી છે. જુના સંગઠનથી જ અત્યારે કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે. મોરચા સેલોની પણ પુનઃ રચના કરવામાં નહી આવતા કાર્યકરોમાં નારાજગી ઉઠવા પામી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ડિસેમ્બર મહીનામાં રાજ્યની દસ હજાર ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ આવી રહી હોઈ તમામ આગેવાનો અને કાર્યકરો આ ચૂંટણીના કામે લાગ્યા હોઈ હવે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ બાદ બોર્ડ-નિગમોમાં ચેરમેન ડિરેક્ટરોની નિમણુંકો અને પ્રદેશ મોરચા સેલોમાં નિમણુંકોની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પોલીસને હાશકારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. પોલીસે પણ બંધના એલાનને પગલે પોતાના વિસ્તારમાં આવેશમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બની જાય તે હેતુસર પોલીસ પોઈન્ટ ક્યાં ક્યાં મુકવા અને ક્યાં સઘન પેટ્રોલીંગ રાખવુ તે સહિતની બંદોબસ્ત સ્કીમો પણ પોલીસ દ્વારા તૈયાર કરી દેવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા પોલીસે પણ સંવેદનશીલ કહી શકાય તેવા વિસ્તારોમાં પોલીસ પોઈન્ટ મુકવાથી માંડી રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલીંગ રાખવા સહીતની બંદોબસ્ત સ્કીમ તૈયાર કરી દીધી હતી. દરમ્યાન આજે બંધને મોકુફ રાખવાનો નિર્ણય લેવાતા પોલીસે રાહતનો દમ લીધો છે. બંધના એલાનની જાહેરાતને પગલે જિલ્લાના ગણા પોલીસ જવાનો અધિકારીઓની રજાઓ પણ રદ કરવામાં આવી હતી.

કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

દલાલો તથા બિલ્ડરોમાં ભયની લાગણી ઉભી થઈ છે પરંતુ જમીન ધારક ખેડૂત તથા મીલ્કતોના માલીકો પોતાના દસ્તાવેજોનું સ્કેનીંગ કરાવવાથી સલામતી અનુભવશે. જોવાનું એ રહે છે કે આદેશનું પાલન કેટલા પ્રમાણમાં અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. નહિતર અન્ય પરિપત્રો, ઠરાવોની જેમ આ એક ઠરાવનો પણ તુમાર થઈ ફાઈલોમાં અટવાતો રહેશે અને આદેશ માત્ર કાગળ ઉપર જ રહેવા પામશે.

અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

પાકિસ્તાનની ૮૦ ટકા સંપત્તિ અને ૯૫ ટકા શિક્ષણ સંસ્થાઓ પર હિંદુઓનો અધિકાર હતો.

વર્ષ ૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા કરાવ્યા ત્યારે એ સામે વિશાળ જનઆંદોલન જાગતાં ૧૯૧૧માં એ ભાગલા રદ્દ કરવાની ફરજ પડી હતી. જોકે ૧૯૪૭માં આઝાદી આવવાની હતી ત્યારે મુસ્લિમ લીગના વડા મોહમ્મદ અલી ઝીણાના ઈશારે 'ડાયરેક્ટ એક્શન'માં કોલકાતામાં પાંચેક હજાર હિંદુઓની કત્લેઆમ ચલાવાઈ હતી. આ કત્લેઆમ માટે તત્કાલીન બંગાળ પ્રોવિન્સના પ્રીમિયર સુહરાવર્દી જવાબદાર હતા. જોકે પશ્ચિમ બંગાળ ભાજપના પ્રમુખ રહેલા અત્યારે ત્રિપુરાના રાજ્યપાલ તથાગત રાયલિખિત 'અપ્રતિમ નાયક ડૉ. શ્યામાપ્રસાદ મુકરજી' ગ્રંથમાં આ કોલકાતા નરસંહારમાં પાંચથી પચીસ હજાર હિંદુઓની કત્લેઆમ અને હજારો હિંદુ મહિલાઓની ઈજ્જત લૂંટાયાનું નોંધ્યું છે.તેમના મતે ૧૯૫૦ના જાન્યુઆરી-માર્ચમાં પણ ૫૦ હજાર હિંદુઓની કત્લેઆમ થઈ હતી. ગંભીર વાત તો એ હતી કે નેતાજી સુભાષચંદ્ર બોઝના મોટાભાઈ સરતચંદ્ર બોઝ અને સુહરાવર્દી અલગ બંગાળ દેશ માટે ચળવળ ચલાવી રહ્યા હતા, પણ એ વેળા હિંદુ મહાસભાના નેતા ડૉ. શ્યામાપ્રસાદ મુકરજીએ તેમની ચળવળમાં ફાચર મારીને બંગાળનું જ વિભાજન કરાવ્યું હતું. નેહરુની સરકારમાંથી ઉદ્યોગ પ્રધાન તરીકે છૂટા થયા પછી ભારતીય જનસંઘની સ્થાપના કરનાર ડૉ.મુકરજીએ નેહરુને કહ્યું હતું કે તમે ભારતનું વિભાજન સ્વીકાર્યું ત્યારે મેં બંગાળનું વિભાજન કરવા જનમત તૈયાર કર્યો. તેમના આ વલણે સરદાર પટેલને ડૉ.મુકરજી ભણી વિશેષ અનુરાગ જાગ્યો હતો.

ઈતિહાસ અને વાસ્તવિકતાઓમાં ઠેરઠેર આપણને વિરોધાભાસનાં પણ દર્શન થતાં હોય છે. એકબાજુ બાંગલાદેશના શ્રદ્ધેય અર્થશાસ્ત્રી ડૉ. અબુલ બરકત ૩૦ વર્ષના અભ્યાસને આધારે આવતા ત્રણ દાયકામાં બાંગલાદેશમાં કોઈ હિંદુ નહીં બચ્યો હોય એવું કહે છે, ત્યારે બાંગલાદેશ સરકારના બ્યૂરો ઓફ સ્ટેટેસ્ટિક્સે (બીબીએસ) સત્તાવાર રીતે પ્રકાશિત કરેલા અહેવાલમાં વર્ષ ૨૦૧૪ કરતાં વર્ષ ૨૦૧૫ને અંતે હિંદુઓની વસ્તીમાં ૧ ટકાનો વધારો થયાનું જણાવાયું છે. વર્ષ ૨૦૧૪માં હિંદુવસ્તી ૧ કરોડ ૫૫ લાખ હતી, તે વધીને વર્ષ ૨૦૧૫ના અંતે ૧ કરોડ ૭૦ લાખ જેટલી થઈ છે. બાંગલાદેશની કુલ વસ્તી ૨૦૧૫ના અંતે ૧૫.૮૯ કરોડની ગણવામાં આવી છે. નવાઈ એ વાતની છે કે બાંગલાદેશ હિંદુ બુદ્ધિસ્ટ ક્રિશ્ચિયન યુનિટી કાઉન્સિલની અધ્યક્ષીય પરિષદના સભ્ય કાજલ દેબનાથ આ ગણતરીને યાદચ્છિક નમૂના(રાન્ડમ સામ્પલિંગ)ને આધારે કરાયેલી ગણાવી એની વિશ્વસનીયતા વિશે શંકા ઊઠાવી છે. ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના આંતરરાષ્ટ્રીય સહયોગ પ્રતિષ્ઠાનના કાયાવરોહણ (વડોદરા) વિશ્વ સંઘ શિબિરના ૧૯૯૫ના અહેવાલમાં બાંગલાદેશમાં ૧ કરોડ હિંદુ વસ્તી દર્શાવાઈ છે તો એકાએક વધી કઈ રીતે ગઈ? આ અહેવાલ અમને એ પછીની વિશ્વ સંઘ શિબિરમાં ઉત્તન-ભાયંદર ખાતે ઉપલબ્ધ કરાવાયો હતો. એમાં દુનિયાભરના દેશોમાં વસતા હિન્દુઓની વસ્તીના આંકડા અપાયા હતા એટલે એની વિશ્વસનીયતા સવિશેષ જણાય છે.એ જ શિબિરમાં બાંગલાદેશમાંથી આવેલા પ્રતિનિધિ પણ મળ્યા હતા .

- haridesai@gmail.com